# કૃષિ વિચાર

વર્ષ : 1 | અંક નં : 5 | ફેબ્રુઆરી, માર્ચ 2024

ગુજરાત સ્ટેટ કૉ-ઑપરેટીવ ઍગ્રીકલ્ચર ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ બૅન્ક

## 2024 ચૂંટણી: લોકશાહીનો રંગોત્સવ ઉજવવા સમગ્ર ભારતમાં થનગનાટ



# બૅન્કના કાર્યવાહક મંડળના સદસ્યશ્રીઓ



શ્રી ડૉલર કોટેચા
ચૅરમૅનશ્રી



શ્રી જીવણભાઈ બી. આહિર
વાઇસ ચૅરમૅનશ્રી



શ્રી જેઠાભાઈ જી. ભરવાડ
ડે. સ્પીકર



શ્રી અનિરુદ્ધભાઈ બી. દવે
MLA



શ્રી બ્રિજરાજસિંહ એચ. જાડેજા



શ્રી જશાભાઈ બી. બારડ



શ્રી ફલજીભાઈ ગેમરભાઈ પટેલ



શ્રી ગોવાભાઈ એચ. દેસાઈ



શ્રી મંગળસિંહ આર. પરમાર



શ્રી કાનભા એફ. ગોહિલ



શ્રી કિશોરસિંહજી કે. ગોહિલ



શ્રી વીરજીભાઈ કે. ઠુંમ્મર



શ્રી હરદેવસિંહ ટી. જાડેજા



શ્રી નટવરસિંહ એસ. મહીડા



શ્રી ગણપતસિંહ બી. સોલંકી



શ્રી સુરેશભાઈ ડી. પટેલ



શ્રી રામજીભાઈ એચ. ચૌધરી



શ્રી જિગ્નેશકુમાર એન. ઠાકોર



શ્રી કમલ શાહ IAS રજિસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય



શ્રી બી. કે. સીંઘલ
ચીફ જનરલ મેનેજરશ્રી નાબાર્ડ



શ્રી કે. બી. ઉપાધ્યાય
IAS(Retd)મૅનેજિંગ ડિરેક્ટરશ્રી



શ્રી વી. એમ. ચૌધરી
જૉઈન્ટ મેનેજિંગ ડીરેક્ટરશ્રી



ડોલર કોટેચા
ચેરમેન

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ., અમદાવાદ

## "સહકાર થી સમૃધ્ધિ"

સહર્ષ જણાવવાનું કે દેશના યશશ્વિ વડાપ્રધાનશ્રી મોદીજીએ આપેલો **"સહકારથી સમૃધ્ધિ"** નો મંત્ર અને રાષ્ટ્રના ગૃહ એવમ્ પ્રથમ સહકાર મંત્રીશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી અમિતભાઈ શાહની સહકાર વિકાસની દીર્ઘદ્રષ્ટિથી અને માર્ગદર્શનથી બેંકનું ઉત્કૃષ્ઠ પરિણામ આવ્યું છે.

આપ સૌના સાથ અને સહકારથી ગત વર્ષ : ૨૦૨૨-૨૩માં આપણી બેંકે **ચોખ્ખો નફો રૂા.૫૧.૧૯ કરોડ** કરેલ અને આપણી બેંક **દેશની સૌપ્રથમ "૦" % NPA** તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

આ વર્ષે પણ આપને જણાવતા મને ખુબ જ આનંદ થાય છે કે આપ સૌના સાથ અને સહકારથી આ વર્ષે પણ બેંકનો ગ્રોસ નફો આશરે રૂા.૯૧ કરોડ અને **ચોખ્ખો નફો** આશરે **રૂા. ૬૫ કરોડ** થવા પામેલ છે અને **"૦" % NPA** થવા પામેલ છે, જે આપ સૌને આભારી છે.

વર્ષ : ૨૦૨૩-૨૪માં બેંક દ્વારા વિવિધ હેતુઓમાં **કુલ રૂા. ૮૩૭.૮૯ કરોડ ધિરાણ** થયેલ છે અને **રૂા. ૨૬૫.૭૨ કરોડની** વસુલાત મળેલ છે.

હું સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ વતી આપ સૌનો આભાર વ્યકત કરૂં છું. સાથોસાથ અભિનંદન પણ પાઠવું છું.

બેંકને આગામી વર્ષોમાં નવી ઉંચાઈએ લઈ જવામાં અને હજી વધુ સિધ્ધિઓ હાંસલ કરવામાં ભવિષ્યમાં આપનો સક્રિય સાથ અને સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખું છું.

ઉપરોકત જણાવેલ હિસાબો અનઓડીટેડ છે.

આપનો સહકારી,

ડોલર કોટેચા
ચેરમેન

હે.ઓ.: નહેરૂ બ્રીજ કોર્નર સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ઈ-મેઈલ : info@gscardbank.org • મોબાઈલ : ૯૯૨૪૧ ૧૮૯૦૦, ૯૪૨૬૮ ૧૮૯૦૦ • વેબસાઈટ : www.khetibank.org

# ડિજિટલ બેન્કિંગની દિશામાં ખેતી બેન્કની હરણફાળ

**ખેતી બેન્ક હવે ડોર સ્ટેપ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ અને માઈક્રો ATMની સુવિધા પૂરી પાડશે**

- ખેતી બેન્કના સાથથી, બેન્કિંગ આપણા હાથથી
- હવે બેલેન્સ ચેક કરવા, પૈસા જમા કરાવવા, પૈસા ઉપાડવા માટે બેન્ક જવાની જરૂર નહિ પડે
- બચત ખાતા કે ફિક્સ્ડ ડિપોઝિટ માટે ગ્રાહકને ઘેર બેઠા સુવિધા મળશે

ભારત સરકારની ડિજિટલ ઈન્ડિયાની પહેલના બદલે દેશમાં ફાયનાન્સ ક્ષેત્રે મોટું પરિવર્તન આવી રહ્યું છે. હવે નાના-મોટા કામ માટે બેન્કમાં જવાને બદલે ઘેર બેઠા મોબાઈલ કે કોમ્પ્યુટર એપ્લિકેશનથી ગ્રાહકો બેન્કિંગ કરવાનું પસંદ કરી રહ્યા છે. સહકાર ક્ષેત્રની બેન્કો પણ તેમાં જરાય પાછી પડી નહતી. ખેડૂતોની નાણાંકીય જરૂરિયાત સંતોષતી ખેતી બેન્ક પણ હવે ડિજિટલ બેન્કિંગના ક્ષેત્રમાં મજબૂત આગેકૂચ કરી રહી છે. આગામી નાણાંકીય વર્ષ 2024-25માં બેન્ક તેના ગ્રાહકોને ડોર સ્ટેપ બેન્કિંગ, ઈ-પેમેન્ટ તથા ઈ-કલેક્શન, મોબાઈલ બેન્કિંગ, માઈક્રો ATM સહિતની અત્યાધુનિક બેન્કિંગ સુવિધા પૂરી પાડશે તેમ ખેતી બેન્કના ચેરમેન ડોલર કોટેચાએ જણાવ્યું હતું.

### ડોર સ્ટેપ બેન્કિંગ:

હવે ખેડૂતને ખેતી બેન્કમાં બચત ખાતુ ખોલાવવું હશે કે પછી ફિક્સ્ડ ડિપોઝિટ જમા કરાવવી હશે તો બેન્ક જવાની જરૂર પડશે નહિ. બેન્કના અધિકારી ખેડૂતના ઘરે જઈને ખાતુ ખોલવામાં મદદ કરશે. આમ ખેડૂતને ઘેર બેઠા બેન્કિંગની સુવિધા મળી રહેશે અને તેમના અમૂલ્ય સમયની પણ બચત થશે.

### ઈ-પેમેન્ટ અને ઈ-કલેક્શન:

હાલમાં પોતાના ખાતામાંથી બીજા ખાતામાં રૂપિયા જમા કરાવવા માટે ખેડૂતને બેન્કમાં જવું પડે છે. ઈ-કલેક્શન અને ઈ-પેમેન્ટની સુવિધાથી ખેડૂત ઘરે બેઠા NEFT, RTGS, IMPS જેવી સુવિધાઓ વડે પોતાના ખાતામાંથી અન્ય વ્યક્તિના ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકશે, અથવા તો અન્ય બેન્કના ખાતામાંથી ખેતી બેન્કના ખાતામાં રૂપિયા પણ જમા કરી શકશે.

### મોબાઈલ બેન્કિંગ:

મોબાઈલ ફોને ડિજિટલ બેન્કિંગ ક્ષેત્રે મોટી ક્રાંતિ આણી છે. હવે ખેતી બેન્કના ગ્રાહકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને પોતાના ખાતાનું સ્ટેટમેન્ટ કે બેલેન્સ જાણી શકશે. આ માટે તેમણે બેન્કમાં પાસબુકની એન્ટ્રી પડાવવા જવાની જરૂર પડશે નહિ. આ ઉપરાંત સ્માર્ટફોનની મદદથી ગ્રાહક અન્ય વ્યક્તિના ખાતામાં ફંડ ટ્રાન્સફર કરી શકશે. નજીકના ભવિષ્યમાં ગ્રાહક બેન્કમાંથી મળે તે તમામ સુવિધા જેવી કે ટ્રાન્ઝેક્શન, બેલેન્સ ચેક કરવું, ફંડ ટ્રાન્સફર વગેરે મોબાઈલ એપ્લિકેશનથી સંભવ બનશે.

### મહત્વની વિગતો હવે ડિજિટલ સ્વરૂપે:

ખેતી બેન્કે કોમ્પ્યુટરાઈઝેશન બાદ ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (DMS) લાગુ પાડી છે. આ સિસ્ટમ થકી બેન્કિંગને લગતા અગત્યના દસ્તાવેજો જેમ કે ફિક્સ્ડ ડિપોઝિટ, શેર સર્ટિફિકેટની રીસીટ, બેન્ક લોનના કાગળિયા વગેરે ડિજિટલ સ્વરૂપે સચવાશે. આમ કરવાથી ગ્રાહકને બેન્કના દસ્તાવેજો સાચવવાની જફામાંથી મુક્તિ મળશે, બેન્કનું કામકાજ ઝડપી અને પેપરલેસ બનશે તથા ખેતી બેન્કના અધિકારીઓ પણ તેમને જરૂર પડે ત્યારે વિગતો ઓનલાઈન ચેક કરી શકશે. આ પહેલને કારણે સંપૂર્ણ બેન્કિંગ પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે.



### માઈક્રો ATM:

ગામડામાં શહેરની જેમ વિસ્તૃત ATM નેટવર્ક જોવા મળતું નથી. ખેતી બેન્ક હવે માઈક્રો ATM સાથે આ સમસ્યાનો ઉકેલ લાવશે. તેનાથી લાભાર્થીઓ પોતાનું કાર્ડ સ્વેપ કરીને પોતાના બેન્ક એકાઉન્ટને એક્સેસ કરી શકશે. આ માટે બેન્ક **BC** (બિઝનેસ કોરસપોન્ડન્ટ) **PACS** (પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી)ની નિમણૂંક કરશે અને તેમને માઈક્રો **ATM** સેન્ટર ચલાવવા માટે આપશે. ગ્રાહકો પોતાના રૂપે ડેબિટ કાર્ડ લઈને આ કેન્દ્રો પર જશે તો ત્યાં ઉપસ્થિત અધિકારીઓ તેમને ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવામાં મદદ કરશે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં આર્થિક સુરક્ષા જળવાય તે માટે આધાર-આધારિત ટ્રાન્ઝેક્શન, ફિંગર પ્રિન્ટ અને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશનની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ ઉપરાંત વ્યક્તિ પોતાનો **PIN** નંબર ન નાંખે ત્યાં સુધી ટ્રાન્ઝેક્શન થઈ શકશે નહિ. માઈક્રો **ATM**થી નાનામાં નાના ગામડા સુધી ડિજિટલ બેન્કિંગ સુવિધા પહોંચાડવા ખેતી બેન્ક પ્રતિબદ્ધ છે.

## અબ કી બાર, ચારસો કે પાર

# આત્મવિશ્વાસથી છલકાતા ભાજપે લોકસભામાં વિજયની આશા સાથે રણશિંગુ ફૂંક્યું

19 મી એપ્રિલથી લોકસભાની ચૂંટણી ચાલુ થઈ રહી છે. ભાજપ સત્તામાં આવ્યા તે જ દિવસથી પાંચ વર્ષ પછી આવનારી ચૂંટણી માટે પ્યાદાં ગોઠવતું આવ્યું છે. આ જ તેને વિજયના પથ પર મૂકી દે છે. આ વખતે મતદાનના એક મહિના પૂર્વે જ ઉમેદવારોની યાદી જાહેર કરી દઈને પોતાને વિજયનો બુલંદ વિશ્વાસ હોવાની પ્રતીતિ કરાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પોતાની જાતમાંનો વિશ્વાસ એટલે સંગીન છે કે તેઓ જૂના રાજકારણીઓને બેઝિઝક જાકારો આપી શકે છે. તેમને સ્થાને નવા લોહીને નવ યુવાનોને સ્થાન આપી શકે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે તેમણે આખા પ્રધાનમંડળને બદલી નાખવાની હિમ્મત કરી હતી. તેવી જ હિમ્મત આ વખતે પણ કરી છે. લોકસભાની ચૂટણી માટે 90 ટકા ટિકિટની ફાળવણી કરી દીધી છે. તેમાં 100 સાંસદોને ટિકીટ ન આપીને મોટો આંચકો આપ્યો છે. તેની સાથે નારજગીની લહેર પણ ઊઠી છે. જોકે તેને માટે ભાજપે નવતર અભિગમ અપનાવ્યો છે. ભાજપે ઉમેદવારોની પસંદગી કરવામાં નમો એપનો આશરો પણ લીધો છે. નમો એપના માધ્યમથી તેમની પસંદગીના ઉમેદવારોના નામની વિગતો મેળવીને તેને આધારે ઉમેદવારોની પસંદગી કરી છે. તેમાં વર્તમાન સાંસદના પરફોર્મન્સની વિગતો પણ માગવામાં આવી હતી.



આ નારાજગી વચ્ચે પણ ચૂંટણી જીતવાના વ્યૂહનો અમલ થયા જ કરે છે. પાંચ વર્ષની બે મુદતથી ભાજપ સત્તા પર હોવાથી એન્ટિ ઈન્કમ્બન્સીનો લાભ મળવાની આશા કોન્ગ્રેસ રાખીને બેઠી છે. પરંતુ ભાજપ કોન્ગ્રેસના મૂળિયા દેશમાંથી ઉખાડી લેવા મક્કમ છે. છેલ્લા દસ વર્ષથી કોન્ગ્રેસના વગદાર નેતાઓને પોતાને પક્ષે લઈને તોડી નાખવાની કવાયત ભાજપે કરી છે. આ તેનો પહેલો વ્યૂહ છે. બીજું કોન્ગ્રેસે સમગ્ર દેશના પ્રાદેશિક પક્ષો સાથે જોડાણ કરીને રાષ્ટ્રીય સ્તરે એક સાથે ચૂંટણી લડવાના કરેલા આયોજનનો સંપૂર્ણ અમલ થાય તે પૂર્વે જ તેમાં તડાં પડાવી દીધા છે. ત્રીજું, 2019ની ચૂંટણીમાં લોક સભાની 543 બેઠકમાંથી ભાજપે 37 ટકા બેઠકો પર 37 ટકા મત મળ્યા હતા. તેને પરિણામે 55 ટકા બેઠકો જીતવામાં સફળતા મળી હતી. પરિણામે ભાજપ એક સંપૂર્ણ વગદાર અને વર્ચસ્વ ધરાવતા રાષ્ટ્રીય પક્ષની કક્ષામાં આવી ગયો છે. કોન્ગ્રેસ સહિતના અન્ય પક્ષો વામણા સાબિત થવા માંડ્યા છે. હિન્દી ભાષી રાજયોમાં અને પછાત વર્ગની પ્રજામાં ભાજપે

### ગુજરાતમાં ફીર એક બાર મોદી સરકારનો નારો

ગુજરાતમાં સતત ત્રીજીવાર ભાજપ લોકસભાની ચૂંટણીમાં 26માંથી 26 બેઠક પર વિજયી થાય તેવી સંભાવના છે. ઈન્ડિયા ટુડેના સર્વેમાં આ નિર્દેશ આપવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી 2024માં દેશના નાગરિકોના મૂડને ધ્યાનમાં રાખીને સરવે કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં ફીર એકબાર મોદી સરકારનો નારો લગાવવામાં આવ્યો છે. અબ કી બાર મોદી સરકારના નારાને પણ ગુજરાત અને ભારતમાં બુલંદ બનાવવામાં આવી રહ્યો છે. વડોદરાની બેઠક પરથી રંજન ભટ્ટે ટિકીટ મળ્યા પછીય ટિકીટ જતી કરી છે. સાબરકાંઠાની બેઠક પરથી ભીખાભાઈ ઠાકોરે પણ ન લડવાનો નિર્ણય કરવો પડ્યો છે. આ બંનેને સ્થાને ભાજપે નવા ઉમેદવાર મૂકવા પડ્યા છે. વડોદરાની બેઠક પર હેમાંગ જોશી અને સાબરકાંઠાની બેઠક પરથી શોભના મહેન્દ્રસિંહ બારૈયાને ટિકીટ આપી છે. પ્રાદેશિક વડા સી.આર. પાટિલે તેમાં મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને 156 બેઠકો સાથે પ્રચંડ વિજય મળ્યો છે તે જોતાં અને કોન્ગ્રેસના મોટા નેતાઓ પણ સાથ છોડી ચૂક્યા હોવાથી ગુજરાતમાં કોન્ગ્રેસનો ગજ વાગે તેમ જણાતો નથી. તે સાથે જ ભાજપ માટે દોડવું હતું અને ઢાળ મળ્યો તેવો ઘાટ ગુજરાતમાં થઈ જશે.



તેના કામના માધ્યમથી મજબૂત વોટબેન્ક ઊભી કરી છે. દક્ષિણ ભારતમાં ભાજપનું વર્ચસ્વ વધારવા તમિળ, મલયાલમ અને તેલગુ ભાષાના સારામાં સારા વક્તાઓનો ઉપોગ કરવાનું ભાજપે આયોજન કર્યું છે.

ગાઝિયાબાદની બેઠક પરથી જનરલ વી.કે. સિંહને, બકસરની બેઠક પરથી અશ્વિની ચૌબેન, નવી દિલ્હીની સીટ પરથી મીનાક્ષી લેખીને, ભાપાળની બેઠક પરથી સાધ્વી પ્રજ્ઞાને, તેમ જ દિલ્હીના રમેશ બિધુરી અને પ્રવેશ વર્માને પણ ટિકીટ ન આપીને બોલ્ડ સ્ટેપ લીધું છે. આ નારાજગીને શમાવી દેવાની કુશળતા ભાજપના વર્તમાન નેતાઓ કે મોભીઓ પાસે મોજૂદ છે. પ્રધાનમંત્રીના છલકાતા વિશ્વાસની આ પ્રતીતિ કરાવે છે. ભાજપ એકલે હાથે 370 બેઠક મેળવી લેવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યો છે. આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે મજબૂત પ્લાન પણ ભાજપે તૈયાર કરી દીધો છે.

આ લખાય છે ત્યાં સુધીમાં ભાજપે 402 બેઠકો માટેના પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ભાજપ લોકસભાની 450 બેઠક પરથી પોતાના પક્ષના જ ઉમેદવારોને ઊભા રાખશે. ઉમેદવારોને પ્રચાર કરવાનો પૂરતો સમય મળે તે હેતુથી ભાજપે તેના ઉમેદવારો નક્કી કરી દીધા છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો લક્ષ્યાંક છે કે ભાજપે 80 ટકા સ્ટ્રાઈક રેટ સાથે પરિણામો મેળવવા પડશે. તેથી જ ઉમેદવારને પ્રચાર કરવાનો એક મહિનાનો સમય આપી દીધો છે.

બીજીતરફ રાજકારણની શતરંજ પર ભાજપે તેના પ્યાદાં પણ વ્યવસ્થિત ગોઠવ્યા જ છે. દક્ષિણ ભારતમાં તેની નબળાઈ ઓછી કરવા માટે આન્ધ્ર પ્રદેશમાં તેલુગુ દેશામ પાર્ટી, અને પવન કલ્યાણ સાથે નિકટતા વધારી દઈને ચૂંટણીમાં સાથીદાર બનાવ્યા છે. આ લખાય છે ત્યારે ભાજપે આન્ધ્રપ્રદેશમાંથી ચૂંટણી લડનારા છ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ચંદ્રબાબુ નાયડુ સાથે અને જન સેના પાર્ટીના પવન કલ્યાણ સાથે મળીને બેઠકો વહેંચી લેવાની શરતે કરેલા જોડાણ પ્રમાણે બેઠકો ફાળવી છે. ટીડીપીના ઉમેદરવારો 17 બેઠક પરથી ચૂંટણી લડશે. ટીડીપી અને જન સેના પાર્ટીના મત ભાજપને મળશે. આ રીતે દક્ષિણ ભારતમાંથી વધારાની બેઠક મેળવવાનો માર્ગ મોકળો કર્યો છે. બહુ જ જાણીતા મેટ્રોમેન ઈ. શ્રીધરને પણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે જે કેરળમાં ભાજપ માટે ખાતું ખોલાવવું અઘરુ ગણાતું હતું તે કેરળમાં પણ ભાજપ 4થી 5 બેઠક જીતી શકે છે. કર્ણાટકમાં જી. જનાર્દન રેડ્ડીના કલ્યાણ રાજ પ્રગતિ પક્ષ સાથે ભાજપે જોડાણ કર્યું છે. આમ જી. જનાર્દન રેડ્ડી ફરીથી ભાજપને પડખે આવ્યા છે. તેમના પત્ની અરુણા લક્ષ્મી અને તેમનાં સમર્થકો પણ ભાજપમાં જોડાયા છે. આમ દક્ષિણ ભારતની સીટ ભાજપે ભૂલી જ જવી પડશે તેવી માન્યતાને ભાજપે તોડી નાખી છે.

મહારાષ્ટ્રમાં પણ શિવસેનાનું જોર તોડવાની નીતિ ભાજપે અપનાવી છે. મહારાષ્ટ્રની 48 બેઠક માટે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાશે. શરદ પવારની એનસીપીમાં તડાં પડાવ્યા છે. પંજાબમાં અકાલી દળને સાથે લઈને આપનું વર્ચસ્વ તોડવાની નીતિ અપનાવી છે. કાગળના વાઘ ગણાતા શિવસેનામાં તડાં પડાવી દઈને તેને નબળો બનાવી દીધી છે. પંજાબમાં 26 માર્ચે કોન્ગ્રેસના સાંસદ રવનીત સિંહ બિટ્ટુ અને ભાજપમાં જોડાયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રના સહકારિતા મંત્રી અમિત શાહે પંજાબની પરિસ્થિતિ સુધારવા વચનો આપ્યા છે. પંજાબમાં પહેલીવાર ભાજપ એકલા હાથે ચૂંટણી લડવા જઈ રહ્યો છે. હા, અકાલી દળ તેનો સાથી પક્ષ છે. નવીન જિન્દાલ પણ ભાજપના પડખે બેસી ગયા છે. તેમને કુરુક્ષેત્રમાંથી ટિકીટ આપવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાજપ જે સીટ પર નબળો છે તે સીટ પર અન્ય પક્ષના મજબૂત ઉમેદવારને પોતાને પડખે બેસાડીને આગળ વધવાનો વિકલ્પનો આશરો લઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના ગેરવહીવટ પર પ્રહાર કર્યા છે. તેના ભ્રષ્ટાચાર પરથી પડદો ઊંચક્યો છે. મમતાની તૃણમૂલ કોન્ગ્રેસ મુસ્લિમોને વધારે મહત્વ આપીને અન્યોને અન્યાય કરી રહી હોવાના મુદ્દા સાથે તેને નબળી પાડી પોતાનું પલડું મજબૂત કરવાનો વ્યૂહ અપનાવ્યો છે.

**લોકસભાની ચૂટણી માટે 90 ટકા ટિકિટની ફાળવણી કરી દીધી છે. તેમાં 100 સાંસદોને ટિકીટ ન આપીને મોટો આંચકો આપ્યો છે, જે ચૂંટણીમાં વિજયી થવાનો ભાજપનો બુલંદ આત્મ વિશ્વાસ દર્શાવે છે.**

ઉત્તર પ્રદેશના વારાણસીમાંથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી લડવાના હોવાથી આ રાજ્ય ભાજપ માટે સ્પેશિયલ બની ગયું છે. અયોધ્યામાં રામ મંદિર બનાવ્યું છે તેનો એડવાન્ટેજ લોકસભાની આ ચૂંટણીમાં ભાજપને મળશે. માત્ર ઉત્તર પ્રદેશ જ નહિ, સમગ્ર ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના રામ ભક્તો પણ ભાજપને તેનો લાભ આપી શકે છે. માયાવતી એકલા હાથે ચૂંટણી લડવાના હોવાથી અને તેની પાસે બીજી હરોળના વગદાર નેતાઓ ન હોવાથી તેણે એકલા ઝઝૂમવું પડશે. યોગી આદિત્યનાથના વહીવટથી ઉત્તર પ્રદેશની જનતા પ્રભાવિત થયેલી છે. તેનો એડવાન્ટેજ પણ ભાજપને મળવાની સંભાવના રહેલી છે. જોકે ઉત્તર પ્રદેશના મુસ્લિમોના મત ભાજપની વિરુદ્ધમાં જવાની દહેશત છે. તેનો લાભ લેવા સમાજવાદી પક્ષે સંયુક્ત મોરચો ખોલ્યો છે. કોન્ગ્રેસ પણ મુસ્લિમ મતનો લાભ





લેવાની વેતરણમાં છે. રાહુલ ગાંધીની યાત્રાનો કોન્ગ્રેસને એડવાન્ટેજ મળી શકે છે. હિમાચલ પ્રદેશમાં ભાજપ એડવાન્ટેજ લેવા તત્પર છે. જોકે મણિપુરનું ચેપ્ટર ભાજપને કેટલો એડવાન્ટેજ આપી શકશે તેનો મતદાન પછી જ અંદાજ આવશે. તેની આસપાસના રાજ્યોમાં તેની કેવી અસર આવશે તે પણ સમય જ કહેશે. ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહની રાજસ્થાનની મુલાકાત દરમિયાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના નેતૃત્વમાં યાત્રા કાઢી હતી. તેમ જ પૂર્વ રાજસ્થાનની નહેર પરિયોજનાનો સમસ્યાનો ઉકેલ પાડોશી રાજ્યો સાથે સમજી વિચારીને લાવવાની ખાતરી આપી હતી. આમ પાડોશી રાજ્યો પર પણ પ્રભાવ પાથરવાનો વ્યૂહ અપનાવ્યો છે.

પ્રજા પણ ભાજપની પડખે હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. કોન્ગ્રેસ તિતરબિતર થયેલો પક્ષ છે. કોન્ગ્રેસના મજબૂત નેતાઓ ભાજપને પડખે જઈને બેઠાં છે. રાહુલ ગાંધીનો પ્રભાવ પડશે કે કેમ તે અંગે આશંકા સેવવામાં આવી રહી છે. તેમની પદયાત્રામાં સહજ રીતે પ્રજાજનો એકત્રિત થઈ રહ્યા છે કે કેમ તે એક સવાલ છે. બીજું લોકો એકત્રિત થયા હોવા છતાંય તે મતમાં રૂપાંતરિત કરી શકે છે કે કેમ તે અંગે જનસામાન્યના મનમાં આશંકા છે. બહુધા મતદારો વિજયી પક્ષને મત આપનારા તરીકે પોતાને ખપાવવાનું પસંદ કરતાં હોય છે. આ સ્થિતિમાં કોન્ગ્રેસનું પલડું નબળું પડતું હોવાનું પ્રથમ દ્રષ્ટિએ દેખાઈ રહ્યું છે.

તેથી જ ભાજપને જન સમર્થન મળી રહ્યું હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. લોકસભાની ચૂંટણી નજીક હોવાથી મધ્યપ્રદેશના રતલામમાં રહેતા 23 વર્ષીય ભગત પટેલ આ વખતે ભાજપ યુવા સંકલ્પ અંતર્ગત 400 કિલોમીટરનું અંતર કાપવાના ઉદ્દેશ્ય સાથે દેશના પાંચ રાજ્યોની સાયકલ યાત્રા પર નીકળ્યા છે. ગુજરાત વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં 156 બેઠક પર ભગવો લહેરાવીને પ્રચંડ વિજય હાંસલ કરનાર ભાજપ લોકસભાની ગુજરાતની તમામ 26 બેઠક પર ચૂંટણીમાં વિજય થવાના ગણતરી સાથે કૂદી પડ્યો છે. ગુજરાત પ્રદેશ કારોબારી સુરેન્દ્રનગર ખાતે યોજાયેલી બેઠકમાં ભાજપ અધ્યક્ષ સી.આર પાટીલની અધ્યક્ષતામાં ગુજરાતની તમામ 26 બેઠક પર વિજય મેળવી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉમેદવારોની કરેલી પસંદગી સામે થોડી ચણભણ પણ થઈ છે. પસંદ પામેલા બે ઉમેદવારોએ તો ચૂંટણી લડવાની પણ ના પાડી દીધી છે. કારણ કે તેમના પોતિના પક્ષના જ કાર્યકરો તેમને સમર્થન આપતા નથી. આ સંજોગોમાં પણ ભાજપે આંતરિક બળવાને ડામી દેવામાં સફળતાં હાંસલ કરી છે. આ જ બતાવે છે કે ભાજપનો વિજયવંત થવાનો વિશ્વાસ બુલંદ છે. માત્ર ગુજરાતના સ્તરે જ નહિ, રાષ્ટ્રીય સ્તરેથી ચૂંટણી જીતવા માટે ભાજપે ખાસ ફોર્મ્યુલા નક્કી કરી છે. છેલ્લા બે વર્ષથી ભાજપે લોકસભાની તેને માટે નબળી ગણાતી 160 બેઠકો પર મજબૂત બનવાનો પ્રયાસ કર્યો છે. આ બેઠકોમાં દક્ષિણના રાજ્યોની અને પૂર્વના રાજ્યોની બેઠકોનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહારની નબળી બેઠકો પર સંગીન પરફોર્મન્સ આવે તે માટેના આયોજનો કર્યા છે. છેલ્લે યોજાયેલી પાંચ વિધાનસભાની ચૂંટણીમાંથી ત્રણ રાજ્યોમાં વિજયી થતાં ભાજપનો વિશ્વાસ વધુ ઊંચાઈને આંબી ગયો છે. આ ત્રણ રાજ્યમાં અપનાવેલી ફોર્મ્યુલાને જ રાષ્ટ્રીય ફલક પર અજમાવવામાં આવે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. 2019ની ચૂંટણીમાં જે 160 બેઠકો ગુમાવી હતી તેમાંની મોટાભાગની બેઠકો ભાજપ કેપ્ચર કરી લેવાનો ઈરાદો ધરાવે છે. અન્ય પક્ષોનું ફોકસ શહેરો પર વધુ છે. જ્યારે ભાજપે ગ્રામીણ વિસ્તારની જનતાને ફોકસમાં રાખીને પાંચ વર્ષ સુધી તેમને પડખે રહેવાનો પ્રયાસ કર્યો છે.

**રાજકારણની શતરંજ પર ભાજપે પ્યાદાં પણ વ્યવસ્થિત ગોઠવ્યા જ છે. દક્ષિણ ભારતમાં તેની નબળાઈ ઓછી કરવા માટે આન્ધ્ર પ્રદેશમાં તેલુગુ દેશામ પાર્ટી, અને પવન કલ્યાણ સાથે નિકટતા વધારી છે.**

# ભારતમાં લોન્ચ થઈ વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજના

યુનાઈટેડ નેશન્સે તાજેતરમાં ચોંકાવનારા આંકડા જાહેર કર્યા હતા. આ આંકડા મુજબ દુનિયામાં દર વર્ષે વ્યક્તિ દીઠ 79 કિલો અન્નનો વેડફાટ થાય છે. બીજી બાજું, વિશ્વમાં 78 કરોડ લોકો ભૂખમરાથી પરેશાન છે. વર્ષ 2022માં જ 1.05 અબજ અન્ન વેડફાઈ ગયું હતું. અન્નના બગાડ અને કચરાને કારણે આઠથી દસ ટકા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન થતું હોવાથી પર્યાવરણની સમસ્યા પણ સર્જાય છે. હવે પ્રત્યેક દેશ અન્નનો બગાડ ઘટાડીને અડધો કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ભારત એક કૃષિપ્રધાન અર્થતંત્ર છે. દેશમાં દર વર્ષે 1 કરોડ



ટન અનાજ ઉત્પન્ન થાય છે. પરંતુ તેના સંગ્રહની સુવિધાના અભાવે અનાજના ઉત્પાદનના ફક્ત 47 ટકા જ સ્ટોર કરી શકાય છે. બીજું અનાજ ખેડૂતોએ તાત્કાલિક વેચી દેવું પડે છે અથવા તો તે સડીને બગડી જાય છે. ભારતમાં અંદાજે 12થી 14 ટકા અનાજ સડી જતું હોવાનો અંદાજ છે. આ

**ભારત પાસે હાલ ઉત્પાદનના 47 ટકા અનાજના સંગ્રહની સુવિધા છે**

બગાડને નાણાંકીય દૃષ્ટિથી મૂલવવામાં આવે તો આંકડો રૂ. 50,000 કરોડને પાર કરી જાય છે. માવઠા કે કમોસમી વરસાદ જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સંગ્રહ વ્યવસ્થાના અભાવેખેડૂતે ઓછા ભાવે પણ ઉત્પાદન વેચી દેવાની નોબત આવે છે. આમ અન્ન જરૂરિયાતમંદો સુધી પહોંચતું નથી અને ખેડૂતને પણ તેના ઓછા ભાવ મળે છે.

આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજનાની શરૂઆત કરી છે. તેના પહેલા તબક્કામાં દેશના 11 રાજ્યમાં પાયલટ પ્રોજેક્ટનું વડાપ્રધાન મોદીએ ઉદઘાટન કર્યું હતું.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અન્ન ભંડારણ યોજના માટે રૂ. 1 લાખ કરોડનું ફંડ ફાળવ્યું**

- 01 અનાજનો બગાડ અટકશે, ખેડૂતની આવકમાં વૃદ્ધિ થશે
- 02 ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધશે
- 03 ખેડૂતને અનાજ સડવાના ભયમાંથી મુક્તિ મળશે
- 04 ખેડૂત ઈચ્છિત ભાવે ઉપજ વેચી શકશે
- 05 દૂર ગોડાઉન સુધી માલ પહોંચાડવાનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ બચશે





"વિકસિત ભારત માટે ભારતની કૃષિ વ્યવસ્થાનું આધુનિકીકરણ થાય તે આવશ્યક છે. અમે ખેડૂતો માટે વિશ્વની સૌથી મોટી સ્ટોરેજ સ્કીમ એટલે કે અન્ન ભંડારણ યોજના શરૂ કરી છે. ગામ, ગરીબ અને ખેડૂત પર અમારા ફોકસથી આજે ગ્રામીણ ભારત અનેકગણું વધારે સામર્થ્યવાન બન્યું છે. "

- શ્રી નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



"વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વની સૌથી મોટી અન્ન ભંડારણ યોજનાના પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત ગોડાઉનનું લોકાર્પણ અને 500 પેક્સના ગોડાઉનનો શિલાન્યાસ કરીને 'સહકારથી સમૃદ્ધિ'ની દિશામાં એક નવો અધ્યાય શરૂ કર્યો છે. આપણો દેશ વિશ્વમાં ત્રીજો સૌથી મોટો ખાદ્યાન્નનું ઉત્પાદન કરતો દેશ છે. પરંતુ આપણે અનાજના કુલ ઉત્પાદનના 47 ટકા જ સંગ્રહ કરી શકીએ છીએ. દેશના 11 રાજ્યોની 11 PACSમાં શરૂ કરાયેલા પાયલટ પ્રોજેક્ટના ગોડાઉનથી દેશની ખાદ્યાન્ન સુરક્ષા મજબૂત બનશે."

-શ્રી અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી

અન્ન ભંડારણ યોજના માટે કેન્દ્ર સરકારે રૂ. 1 કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેનાથી દેશના ખૂણે ખૂણામાં અનાજ સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવામાં આવશે. સહકારિતા મંત્રાલયે દિલ્હીમાં યોજેલા કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ 500થી વધુ જેટલી PACS (પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી)ને આ યોજનાનો હિસ્સો બનવા માટે આહવાહન કર્યું હતું.

આ પ્રસંગે દેશના પહેલા સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહકાર ક્ષેત્રની જરૂરિયાતને ખૂબ સારી રીતે પારખે છે. આથી જ સહકાર ક્ષેત્રના વિકાસ માટે અલગથી સહકાર મંત્રાલય ઊભું કરવાની છ દાયકા જૂની માંગ ભાજપ સરકારના રાજમાં પૂરી થઈ છે. તેનાથી સહકાર ક્ષેત્રનો વિકાસ ઝડપી બન્યો છે. તેમણે જણાવ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકાર ક્ષેત્રમાં પ્રાણ ફૂંકવાની નવી શરૂઆત કરી છે."

ભારત સરકારે લોન્ચ કરેલી આ યોજનાનો આશય વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ તરીકે ઊભરી રહેલા ભારતની વિશાળ વસ્તીનું ભરણ પોષણ કરવાનો પણ છે. સરકાર આ સાથે ઘર આંગણે અનાજનું ઉત્પાદન વધે, નિકાસ પર મદાર ઘટે તે માટે પણ પ્રયત્નશીલ છે. એક વખત ઉપજ તૈયાર થઈ જાય પછી તેનો સંગ્રહ સુરક્ષિત રીતે થાય તે માટે સરકાર દૂરંદેશી સાથે ગોડાઉન બનાવી રહી છે. 'સહકારથી સમૃદ્ધિ'નું લક્ષ્ય સાકાર કરવા માટે વડાપ્રધાન મોદીએ 1 લાખ કરોડ રૂપિયા અન્ન ભંડારણ યોજનામાં ફાળવી આપ્યા છે. આ યોજનાનો અમલ દેશના ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ સહકાર ખાતા દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કેન્દ્ર સરકારની કેબિનેટે 31 મે 2023ના રોજ અન્ન ભંડારણ યોજના અમલમાં મૂકવા માટે IMC (આંતર મંત્રાલય સમિતિ) બનાવી હતી. આ સમિતિ વિવિધ મંત્રાલય વચ્ચે કોર્ડિનેશનનું કાર્ય કરશે. આઠ સભ્યોની આ સમિતિમાં ખેડૂત કલ્યાણ મંત્રી, ગ્રાહક સુરક્ષા, ખાદ્ય મંત્રી વગેરે જેવા પદાધિકારીઓ હશે.

**સંગ્રહની સુવિધાને અભાવે ખેડૂતે મજબૂરીથી નીચા ભાવે પણ ઊપજ વેચવાનો વારો આવે છે**

અન્ન ભંડારણ યોજનાને અનેક રાજ્યો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે. નાફેડ, NCCF જેવી સંસ્થાઓએ તો આ યોજનામાં આગળ પડતી ભાગ લેવાની તૈયારી દર્શાવી છે. આ યોજનાના અમલ માટે NBCCને નોડલ એજન્સી તરીકે નીમવામાં આવી છે. NBCC PACS સાથે મળીને ગામડામાં ગોડાઉન બનાવશે. આ સમગ્ર પ્રક્રિયા પર સહકાર ખાતું દેખરેખ રાખશે. હાલ સુધી આ બાબતે NBCCએ 200થી વધુ MoU (મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) સાઈન કરી લીધા છે.

# નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝઃ સહકારી ક્ષેત્રને લગતી તમામ માહિતી હવે માત્ર એક ક્લિકથી ઉપલબ્ધ થશે

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં 8 માર્ચ 2024ના રોજ રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝનું ઉદઘાટન કર્યું**






કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી, શ્રી અમિત શાહે 8 માર્ચ 2024ના રોજ રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝનું ઉદ્ઘાટન કરતા સાથે જ સહકાર ક્ષેત્રે એક નવા અધ્યાયનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે તેમણે'નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ 2023: અ રિપોર્ટ'નું વિમોચન પણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય સહકારી રાજ્ય મંત્રી શ્રી બી.એલ. વર્મા અને સહકાર મંત્રાલયના સચિવ ડો. આશિષ કુમાર ભુટાણી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તેમના સંબોધનમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, "આજનો દિવસ સહકારી ક્ષેત્ર, તેના વિસ્તરણ અને મજબૂતીકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશની આઝાદી પછી પહેલી વાર સહકારી ડેટાબેઝનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે. હજારો લોકોની વર્ષોની મહેનત પછી આ સફળતા મળી છે."

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે તેમના સંબોધનમાં જણાવ્યું, "1960 પછી એવું લાગ્યું કે દરેક રાજ્યની સહકારી હિલચાલ વચ્ચે સમન્વયની જરૂર છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એક સાહસિક નિર્ણય લઈને સહકાર મંત્રાલયની સ્થાપના કરી અને સમગ્ર સહકાર ક્ષેત્રને સફળતાની દિશામાં દોર્યું છે." તેમણે જણાવ્યું કે છેલ્લા બે વર્ષમાં, દેશમાં તમામ

**આ ડેટાબેઝ એવું મજબૂત સહકારી માળખું બનાવશે જે આગામી 150 વર્ષ સુધી ટકી રહેશે**

> **બહાદુરીભર્યા નિર્ણયો લેવા અને તેને મુકામ પર પહોંચાડવા એ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો સ્વભાવ છેઃ અમિત શાહ**

પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) કોમ્પ્યુટરાઈઝ્ડ થઈ ગઈ છે અને તમામ રાજ્યોએ તેમના વ્યવસાયને વધારવા માટે કોમન બાયલોઝ સ્વીકાર્યા છે. મોદી સરકારે મોડલ બાયલોસ એડવાઈઝરી બનાવી છે, જે અંતર્ગત PACS વિવિધ કાર્યો હાથ ધરી શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે દેશના તમામ રાજ્યોએ પક્ષપાતી રાજકારણથી ઉપર ઊઠીને મોડલ પેટા-નિયમોનો સ્વીકાર કરતા PACSના વિસ્તરણનો માર્ગ મોકળો થયો છે.

ભારત સરકારે PACS સાથે 20 નવી પ્રવૃત્તિ સાંકળી છે જે તેમને નફો રળવા માટે સક્ષમ બનાવે છે. PACS ના કોમ્પ્યુટરાઈઝેશનથી મંડળીઓના વિકાસ માટે ઘણી શક્યતાઓ ખુલી છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે 2027 સુધીમાં દેશના દરેક ગામમાં PACS હશે. અમિત શાહે જણાવ્યું કે નેશનલ કો ઓપરેટિવ ડેટાબેઝનો વિચાર આ પ્રક્રિયા દરમિયાન જ આવ્યો હતો. અપૂરતી માહિતીના અભાવે PACS કેટલી, ક્યાં શરૂ કરવી તે અંગે અનિશ્ચિતતા હતી. તૈયાર થયેલા ડેટાબેઝનો આશય વ્યાપક એનાલિસિસ દ્વારા ગાબડાઓને ઓળખવાનો અને તેને



## રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝના ઉદઘાટન સાથે કો-ઓપરેટિવ સેક્ટરનો નવો અધ્યાય શરૂ

01 સહકારી ક્ષેત્રમાં વિસ્તરણ, વિકાસ અને સેવાઓનું વિતરણ સરળ અને ઝડપી બનશે

02 સહકારી સંસ્થા ઓછી હશે તે વિસ્તાર અંગે કેન્દ્ર માહિતી મેળવીને ત્યાં સહકારનું માળખું ઊભું કરી શકશે

03 આ ડેટાબેઝ હોકાયંત્રની જેમ સહકારી ક્ષેત્રના વિકાસને દિશા આપશે: નાની સહકારી મંડળીઓને વિસ્તરણ માટે માર્ગદર્શન મળશે

04 ડેટાબેઝની મદદથી PACS એપેક્સ અને વૈશ્વિક બજાર સાથે જોડાશે

05 સહકાર ક્ષેત્રે નીતિ ઘડનારા, સંશોધકો અને હિતધારકો માટે આ ડેટાબેઝ મહામૂલ્ય સ્રોત બની રહેશે

06 સહકાર ક્ષેત્રની બધી જ પ્રવૃત્તિ આ નવીનતમ ટેક્નોલોજીની મદદથી હવે રેકોર્ડ પર નોંધાશે

સંબોધવાનો છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય ડેટાબેઝ કંપાસની જેમ સહકારી ક્ષેત્રના વિકાસને દિશા આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ છેલ્લા 10 વર્ષમાં 25 કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લઈ ગ્રામીણ અર્થતંત્ર અને સામાન્ય લોકોના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું છે. સહકાર મંત્રાલય લાખો લોકોને દેશના અર્થતંત્ર અને વિકાસ સાથે જોડવા માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. સહકારી ડેટાબેઝ સહકારી ક્ષેત્રના વિસ્તરણ, ડિજિટલ વિકાસ અને ડેટાબેઝ દ્વારા ડિલિવરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. ડેટા વિકાસને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવાનું કામ કરે છે અને ક્ષતિઓનું વિશ્લેષણ કરવામાં અત્યંત અસરકારક છે.

રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝનું કામ ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, ડેરી અને મત્સ્યોદ્યોગ એમ ત્રણ ક્ષેત્રમાં અંદાજે 2.64 લાખ મંડળીઓનું મેપિંગ પૂર્ણ થયું હતું. બીજા તબક્કામાં, વિવિધ રાષ્ટ્રીય મહાસંઘો, રાજ્ય સંઘો, રાજ્ય સહકારી બેંકો (StCB), જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCB), અર્બન કોઓપરેટિવ બેંકો (UCB), રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (SCARDB), પ્રાથમિક કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (PCARDB), સહકારી ખાંડ મિલો, જિલ્લા યુનિયનો અને બહુ-રાજ્ય સહકારી મંડળીઓ (MSCS)ની વિગતો એકત્રિત કરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં, અન્ય ક્ષેત્રોમાં બાકીની તમામ 8 લાખ પ્રાથમિક સહકારી મંડળીઓના ડેટા મેપિંગ હાથ ધરવામાં આવ્યા હતા. આ ડેટાથી ખબર પડી કે દેશમાં 8 લાખથી વધુ નોંધણી પામેલ સોસાયટીઓ છે, જેની સાથે 30 કરોડથી વધુ નાગરિકો જોડાયેલા છે. ડેટાબેઝમાં PACSને એપેક્સ સાથે, ગામડાઓને શહેરો સાથે, મંડીઓને વૈશ્વિક બજાર સાથે અને રાજ્યના ડેટાબેઝને આંતરરાષ્ટ્રીય ડેટાબેઝ સાથે જોડવાની ક્ષમતા છે. નરેન્દ્ર મોદી સરકારના 'સહકારથી સમૃદ્ધિ'ના અભિયાનમાં આ ડેટાબેઝ માર્ગ મોકળો કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી, શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે મોદી સરકારે સહકારી ક્ષેત્રમાં કોમ્પ્યુટરાઈઝેશનને લગતી ઘણી પહેલ હાથ ધરી છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ, PACS થી એપેક્સ સુધીની સમગ્ર સહકારી સંસ્થાઓને તેમની કાર્યક્ષમતા વધારવા માટે કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવી છે. આ ડેટાબેઝમાં ભારતની તમામ સહકારી પ્રવૃત્તિઓનો જવાબ છે. આ નેશનલ ડેટાબેઝ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડાયનેમિક વેબ પ્લેટફોર્મ પર આ પ્લેટફોર્મની મદદથી દેશભરમાં રજિસ્ટર્ડ સહકારી મંડળીઓ વિશેની તમામ માહિતી એક બટનના ક્લિક પર ઉપલબ્ધ થશે.

આ સહકારી ડેટાબેઝ નીતિ નિર્માતાઓ, સંશોધકો અને હિતધારકો માટે અમૂલ્ય સ્ત્રોત તરીકે કામ કરશે. આ ડેટાબેઝમાં ઉપલબ્ધ માહિતી સતત અપડેટ થતી રહે અને તેમાં પ્રામાણિકતા જળવાય તે માટે પૂરતી તકેદારી લેવામાં આવી છે. સહકાર મંત્રાલય એ સુનિશ્ચિત કરશે કે માત્ર ચકાસાયેલ માહિતી જ આ ડેટાબેઝ પર અપલોડ કરવામાં આવે. શ્રી અમિત શાહે આ પ્રસંગે ભારપૂર્વક જણાવ્યું કે આ વિશાળ કાર્ય પાર પાડવામાં હજારો લોકોએ યોગદાન આપ્યું છે. આ ડેટાબેઝ એવું મજબૂત સહકારી માળખું બનાવશે જે આગામી 150 વર્ષ સુધી ટકી રહેશે.

# શહેરી કો-ઓપરેટિવ બેન્કો માટે છત્ર સંસ્થા NUCFDCની રચના કરાઈ




કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે 2 માર્ચના રોજ અર્બન કોઓપરેટિવ બેંક્સ (UCBs) માટે નેશનલ અર્બન કોઓપરેટિવ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NUCFDC) નામક છત્ર સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું. 20 વર્ષના સંઘર્ષ બાદ આ છત્ર સંસ્થા એટલે કે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરવાનું સ્વપ્ન સાકાર થયું હતું.

શ્રી અમિત શાહે જણાવ્યું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના 75 વર્ષ બાદ સહકારી ક્ષેત્રમાં નવા પ્રાણ ફૂંકીને એક અલગ સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. અત્યાર સુધી વેરવિખેર સહકારી ચળવળને સહકાર મંત્રાલયના રૂપમાં એક છત્ર આપવામાં આવ્યું છે. 125 વર્ષ સુધી સહકારી ક્ષેત્રે સંઘર્ષ કરીને તેનું અસ્તિત્વ જાળવી રાખ્યું હતું, પરંતુ હવે સરકારી તંત્રના સહયોગથી તે ઝડપથી પ્રગતિ કરશે અને દેશના અર્થતંત્રમાં વિશેષ યોગદાન આપીને સન્માન પ્રાપ્ત કરશે. સરકાર દ્વારા સહકારી ચળવળને લોક ચળવળમાં પરિવર્તિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે."

આ પ્રયત્નોના ભાગ રૂપે સરકારે શહેરી સહકારી બેન્કો માટે NUCFDCની સ્થાપના કરી છે. આ સંગઠનની રચના બાદ દેશમાં અર્બન કોઓપરેટિવ બેંકોનું સ્વ-નિયમન શક્ય બનશે અને તેમનો વિકાસ અનેક ગણો વધશે. જો કે અમિત શાહે સહકારી બેન્કોને સ્પષ્ટ જણાવ્યું કે તેમણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના તમામ નિયમોનું પાલન કરવું જ પડશે. જો તે આમ કરવામાં નિષ્ફળ જશે તો આવનારા સમયમાં સ્પર્ધામાં ટકી શકશે નહીં.

છત્ર સંસ્થાની મુખ્ય ભૂમિકા બેંકિંગ રેગ્યુલેશન એક્ટના પાલન માટે નાની બેંકોને તૈયાર કરવાની છે. સરકારનું લક્ષ્ય દરેક શહેરમાં શહેરી સહકારી બેંકો ખોલવાનું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે જે ક્રેડિટ સોસાયટી સારુ પરફોર્મ કરતી હોય તેમને બેંકોમાં રૂપાંતરિત કરવા માટે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશને એક સિસ્ટમ સ્થાપિત કરવી જોઈએ. NUCFDCનો એક ઉદ્દેશ્ય ક્રેડિટ સોસાયટીઓ અને શહેરી સહકારી બેંકોની સેવાઓ અને સંખ્યાને વિસ્તારવાનો હોવો જોઈએ. દરેક શહેરમાં અર્બન કોઓપરેટિવ બેંકો કેવી રીતે સ્થાપી શકાય તે અંગે સમયબદ્ધ કાર્યક્રમ પણ બનાવવાની જરૂર છે. છત્ર સંસ્થા નાની બેંકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડશે, બેંકો અને નિયમનકારો વચ્ચે સંવાદને સરળ બનાવશે અને સંચાર સુધારવા પર કામ કરશે. દેશ જ્યારે સહકારી ચળવળને વિસ્તારવા માંગે છે ત્યારે શહેરી સહકારી બેંકોને મજબૂત કરવાની જવાબદારી છત્ર સંસ્થાને સોંપી દેવામાં આવી છે.

શ્રી અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું કે "દેશભરમાં વેપાર કરવા માટે અર્બન કોઓપરેટિવ બેંકો માટે ક્લિયરિંગ સિસ્ટમ સ્થાપિત કરવી જરૂરી છે. સરકાર પાસે હાલમાં 1,500 બેંકોની 11,000 શાખાઓની સામૂહિક તાકાત છે, જેમાં 5 લાખ કરોડ રૂપિયાની થાપણો છે અને કુલ 3.50 લાખ કરોડ રૂપિયાની લોન છે. સરકારનો ધ્યેય માત્ર તેને વધારવાનો જ નહીં પરંતુ સમગ્ર અર્બન કોઓપરેટિવ બેંક સિસ્ટમને મજબૂત કરવા માટે તેનો સામૂહિક ઉપયોગ કરવાનો છે. દેશની અર્બન કોઓપરેટિવ બેંકોએ તેમનો નેટ એનપીએ દર ઘટાડીને 2.10% કર્યો છે પરંતુ તેમાં વધુ સુધારાની જરૂર છે. છત્ર સંસ્થાએ તેનો પાયો નાખવા માટે આગામી ત્રણ વર્ષમાં સખત મહેનત કરવી પડશે."

શ્રી અમિત શાહે જણાવ્યું કે "NUCFDC એક છત્ર સંસ્થા જ નથી પણ આપણી તમામ સમસ્યાઓના ઉકેલ માટેનું એક પ્રવેશદ્વાર પણ છે. સામાન્ય લોકોના જીવનમાં પ્રગતિ કરવાનો એકમાત્ર રસ્તો અર્બન કોઓપરેટિવ બેંકો છે. જ્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની વાત કરે છે ત્યારે આર્થિક વિકાસ વ્યાપક બને તે જોવું જરૂરી છે. આથી દરેક ગામ અને શહેરમાં યુવાનો અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવાની જરૂર છે, અને આ માટે UCB સિવાય બીજો કોઈ રસ્તો નથી." અર્બન કોઓપરેટિવ બેંકો માટેની આ છત્ર સંસ્થા નાની બેંકો માટે સુરક્ષા કવચ છે, જે થાપણદારોનો આત્મવિશ્વાસ વધારશે, અને આગામી દિવસોમાં સહકાર ક્ષેત્રના વિકાસમાં જંગી યોગદાન આપશે.

- છત્ર સંસ્થા નાની બેંકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડશે, બેંકો અને નિયમનકારો વચ્ચે સંવાદને સરળ બનાવશે
- આ અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન નાની બેન્કો માટે રક્ષા કવચ બની જશે, થાપણદારોનો સહકારી બેન્કોમાં વિશ્વાસ મજબૂત બનશે
- અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન NUCFDC ની રચના સાથે દેશમાં શહેરી સહકારી બેંકોના વિકાસમાં અનેકગણો વધારો થશે.
- NUCFDC શહેરી સહકારી બેંકોના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રવેશદ્વાર તરીકે કામ કરશે









# વડોદરામાં ખેતી બેન્કની જિલ્લા કચેરી અને ભાજપના આલીશાન જીલ્લા કાર્યાલય 'વંદે કમલમ'નું લોકાર્પણ

13 માર્ચ 2024નો દિવસ ખેતી બેન્ક માટે એક મહત્વપૂર્ણ દિવસ બની રહ્યો હતો. આ દિવસે ગુજરાત પ્રદેશના ભાજપના અધ્યક્ષ સી.આર પાટીલના હસ્તે ખેતી બેન્કની વડોદરા જિલ્લા કચેરી અને શાખાના મકાનનું વર્ચુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આલીશાન ભવનને 'વંદે કમલમ' નામ આપવામાં આવ્યું છે.

તેમના સંબોધનમાં શ્રી સી.આર પાટીલે જણાવ્યું કે "ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને જ્યારે પણ મળું છું ત્યારે રાષ્ટ્ર સેવા અને જનસેવા માટે તેમનો ઉત્સાહ અને જોશ જોઈને મારી અંદર પણ નવી ઉર્જાનો સંચાર થાય છે." આ પ્રસંગે અનેક દિગ્ગજોએ હાજરી પૂરાવી શુભકામનાઓ પાઠવી હતી. તોં ભાજપના ગુજરાતના ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફીયા, વડોદરા જિલ્લાના પ્રભારી શ્રી રાજેશભાઈ પાઠક, વડોદરા જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી સતીશભાઈ પટેલ અને સહકાર ક્ષેત્રના અન્ય દિગ્ગજોનો સમાવેશ થાય છે.

ખેતી બેન્કના પ્રતિનિધિ તરીકે ખેતી બેન્કના વાઈસ ચેરમેન શ્રી જીવણભાઈ આહીર, બેન્કના વડોદરા જિલ્લાના ડિરેક્ટર શ્રી ગણપતસિંહ સોલંકી અને વડોદરા જિલ્લાના પ્રતિનિધિશ્રીઓએ હાજરી પૂરાવી હતી. આ કાર્યાલય સાથે હવે ખેતી બેન્ક વડોદરા જિલ્લાના ખેડૂતોને સર્વોત્તમ સુવિધા પૂરી પાડવા અને આ જિલ્લાની સહકારી ક્ષેત્રોની પહેલમાં આગળ પડતો ફાળો આપવા વધુ સક્ષમ બનશે.




















# ખાદ્યતેલમાં આત્મનિર્ભરતાનો રસ્તો અરુણાચલ પ્રદેશમાંથી ખૂલશેઃ નરેન્દ્ર મોદી

અઢારમી માર્ચ, 2024ના દિવસે ખાદ્યતેલના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવાના રાષ્ટ્રીય મિશન સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર દામોદરદાસ મોદીએ અરુણાચલ પ્રદેશમાં પામ ઓઈલ પ્રોસેસિંગ મિલનો આરંભ કર્યો છે. આ પ્રસંગે બોલતા નરેન્દ્ર મોદીએ ઉત્તર પૂર્વના સાત રાજ્યોને કેન્દ્રમાં રાખીને શરૂ કરવામાં આવેલા ખાસ વિકાસ કાર્યક્રમના ભાગરૂપે જ આ

**અરુણાચલપ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરામાં એક હેક્ટરમાં પામની ખેતી કરવા માટે ખેડૂતને રૂ. 1 લાખની વિશેષ સહાય આપવામાં આવે છે.**

પામ ઓઈલની મિલ ચાલુ કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. સેવન સિસ્ટર્સ તરીકે ઓળખાતા સાત રાજયોના વિકાસ માટે આ પ્રકારની અનેક ઓઈલ મિલો ચાલુ કરવામાં આવશે તેવો નિર્દેશ પણ પ્રધાનમંત્રીએ આપી દીધો છે. તેનાથી સાતેય રાજયના ખેડૂતોની આવકમાં વધારો થશે. તેમના અર્થતંત્રની શિકલ બદલાવાનો આરંભ પણ થવા માંડશે. અરુણાચલપ્રદેશના ખેડૂતોએ પામની ખેતી કરવાનું ચાલુ કર્યું તે માટે તેમનો ખાસ આભાર પણ પ્રધાનમંત્રીએ માન્યો હતો. નેશનલ મિશન ફોર એડિબલ ઓઈલ-ઓઈલ પામના નામથી અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. તેના પરિણામ સ્વરૂપ બે જ વર્ષમાં ઓઈલ મિલ નાખવામાં આવી છે.



ખાદ્યતેલના ઉત્પાદન માટેના મિશન હેઠળ 2025-26ની સાલ સુધીમાં પામ તેલનું ઉત્પાદન 11.20 લાખ ટન સુધી લઈ જવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ઉત્તર ભારતના સાત રાજ્યોમાં પામની ખેતી અને પામતેલનું ઉત્પાદન શરૂ કરીને વધારવા માટે કેન્દ્ર સરકારે રૂ. 5870 કરોડની વિશેષ જોગવાઈ કરી છે. પામની ખેતી અને પામતેલનું ઉત્પાદન વધારવા માટે સમગ્ર દેશ માટે રૂ. 11,040 કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ફંડમાંથી 90 ટકા ફંડ કેન્દ્ર સરકાર જ આપવાની છે. બાકીના દસ ટકા ફંડ જે તે રાજ્યોની સરકારે આપવાનું રહેશે.

ભારતના નવા નવા વિસ્તારોમાં પામની ખેતીમાં વધારો થાય તેવા ધ્યેય સાથે ઓઈલ પામ મિશન ચાલુ કરવામાં આવ્યું છે. તેને માટે કેન્દ્ર સરકાર તરફથી પામના છોડવાઓ પૂરા પાડવામાં આવી રહ્યા છે. તેમ જ પામના બજારમાંના ખાનગી ખેલાડીઓ તેમના પામની ખરીદી કરી લે તેવી વ્યવસ્થા પણ ઊભી કરી આપવામાં આવી છે. તેની સાથે જ પામના બજાર ભાવમાં વિશ્વ બજારમાં જોવા મળતી તોફાની વધઘટનો ભોગ ખેડૂત ન બને તેની દરકાર પણ કેન્દ્ર સરકારે કરી છે. ખેડૂતોને પામની ખેતીમાંથી વાજબી આવક મળતી રહે અને તેની ખેતીને વળગી રહે તેવા પ્રયાસો પણ કરવામાં આવ્યા છે. પામના ભાવમાં થતી વધઘટને કારણે જોવા મળતા જોખમો ઓછા કરવા માટે પણ સરકાર હેજિંગનો આશરો લઈ રહી છે. અરુણાચલપ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરામાં પામની ખેતી કરવા માટેનો અવકાશ સારો છે. તેથી આ છ રાજ્ય નેશનલ ઓઈલ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવીને ખાદ્યતેલના ઉત્પાદનની બાબતમાં ભારતને આત્મનિર્ભરતા ભણી લઈ જશે તેવી આશા રાખવામાં આવી રહી છે. અત્યારે આ છ રાજ્યોમાં પામના છોડની 30 નર્સરી ઊભી કરવામાં આવી છે. આ દરેક નર્સરીમાં 30 લાખ પામના પ્લાન્ટ વિતરણ માટે પડ્યા છે.

અરુણાચલપ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરામાં એક હેક્ટરમાં પામની ખેતી કરવા માટે ખેડૂતને રૂ. 1 લાખની વિશેષ સહાય આપવામાં આવે છે. પામના છોડ લાવવા, વાવણી કરવાની સામગ્રી લાવવા, જાળવણી કરવા, જમીન માટે જોઈતી મંજૂરી આપવાના ખર્ચ માટે, હાફ-મુન ટેરેસના બાંધકામ માટે, બાયો ફેન્સિંગ માટે ખેડૂતોને કરવા પડતા ખર્ચના ભાગરૂપે રૂ. 1 લાખની સહાય આપવામાં આવી રહી છે. નેશનલ મિશન ઓન પામ હેઠળ વાવણી માટેના 2.90 લાખ ઓજારો-ઉપકરણોની ખેડૂતોને ખીદી કરવામાં મદદ કરવામાં આવી છે.

ઉત્તર-પૂર્વના વિસ્તારના પર્વતીય વિસ્તારને કારણે પામની ખેતી કરવામાં ખેડૂતોને પડનારી તકલીફોને ધ્યાનમાં રાખીને સીપીઓ-ક્રૂડ પામ ઓઈલના પ્રાઈસ-ભાવમાં આવતા તફાવતની બે ટકા રકમ પણ ભારત સરકાર પામની ખેતી કરનારાઓને ચૂકવી આપશે. આ બે ટકાનો ગાળો સામાન્ય રીતે પામનું પ્રોસેસ કરીને તેલ બનાવનાર કંપનીઓએ ચૂકવવાનો આવે છે. પરંતુ ઓઈલ મિલ પર પણ વધુ બોજ ન આવે તે માટે સરકાર એ બોજો પોતાને માથે લઈ રહી છે. આ રીતે પામના પ્રોસેસરને અન્ય હરીફો સાથે સ્પર્ધા કરવાની તક સરકાર પૂરી પાડી રહી છે. તેની પાછળનો ઉદ્દેશ આ છ રાજ્યમાં પામ તેલની વધુમાં વધુ મિલો આવે તે જ જોવાનો સરકારનો ઈરાદો છે. તેની સાથેસાથે જ આ વિસ્તારમાં પામની લણણી કર્યા પછી કરવાની થતી પ્રક્રિયા માટેના એકમો નાખવા માટે ખાનગી ઈન્વેસ્ટર્સ આગળ આવે તે પણ જોવાનો છે. નોર્થ ઈસ્ટ રિજ્યનમાં એટલે કે ઉત્તર પૂર્વના છ રાજ્યમાં 10 ઓઈલ મિલો ચાલુ થઈ જાય તે જોવાનું સરકારનું લક્ષ્યાંક છે. આ વિસ્તારમાં ઓઈલ મિલ નાખનારાઓને રૂ. 5 કરોડની વિશેષ સહાય પણ આપવામાં આવી રહી છે. આમ છ રાજ્યોનો ઝડપથી અને સંગીન વિકાસ થાય તેવી સરકારની નેમ છે. તેમ જ ભારતમાં પામ તેલના ઉત્પાદન માટે ટકાઉ અને આર્થિક વિકાસને વેગ આપે તેવી સિસ્ટમ ડેવલપ કરવાનો સરકાર ઈરાદો ધરાવે છે.



**ખાદ્યતેલના ઉત્પાદનમાં ભારતે આત્મનિર્ભર બનવા સજ્જ થવું પડશે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાકલ કરી**



તેમ જ સમગ્ર ભારતમાં ખાદ્યતેલના ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બને અને તેને માટે અત્યારે ખર્ચવું પડતું વિદેશી હૂંડિયામણ ન ખર્ચવું પડે તે જોવાની પણ સરકારની નેમ છે.

ભારતમાં પણ તેલિબિયાંની ખેતી વધારવા સરકાર સક્રિય છે. છેલ્લા પંદર વર્ષથી સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયત્નોને પરિણામે ધીમે ધીમે વધુ ને વધુ ખેડૂતો તેલિબિયાંની ખેતી તરફ વળવા માંડ્યા છે. તેનાથી ફાયદો પણ થયો છે. આયાતી તેલના ભાવ વધારાની અસર ઓછી પડે છે. ભારતની કુલ ખાદ્યતેલની આયાતના 35 ટકાથી વધુ છે. ભારતની ખાદ્યતેલની કુલ વાર્ષિક ડિમાન્ડ અંદાજે 260 લાખ ટનની છે. તેમાંથી અંદાજે 70 ટકા ડિમાન્ડ માત્ર ને માત્ર આયાતી તેલની મદદથી જ સંતોષવામાં આવે છે. આ મદાર ભારત ઘટાડવા માગે છે. તેથી જ ઉત્તર પૂર્વના છ રાજ્યોમાં પામની ખેતી પર ફોકસ કરાયું છે. 2019-20ના વરસમાં ભારતની ખાદ્યતેલની કુલ જરૂરિયાતના 50.5 ટકા જેટલા ખાદ્યતેલની આયાત કરવામાં આવી હતી. ત્યારબાદના એટલે કે 2020-21ના વર્ષમાં આ આયાત વધીને 57 ટકા પર પહોંચી ગઈ હતી. ખાદ્યતેલની ભારતમાં થતી આયાતનો મોટો હિસ્સો ઈન્ડોનેશિયામાંથી જ આવે છે. તેથી તેની નિકાસ બંધ થાય તો ભારતના ખાદ્યતેલના બજારમાં ભડકો થાય તે સહજ છે.

**નેશનલ ઓઈલ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવીને ખાદ્યતેલના ઉત્પાદનની બાબતમાં ભારતને આત્મનિર્ભરતા ભણી લઈ જશે તેવી આશા**

પ્રધાનમંત્રી મનમોહન સિંહના સમયથી તેલિબિયાં અને કઠોળના ઉત્પાદનમાં ભારત આત્મ નિર્ભર બને તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નેશનલ મિશન ઓ ઓઈલસીડ એન્ડ ઓઈલ પામ અંગે ગયા વરસે લોકસભામાં પૂછવામાં આવેલા એક સવાલના જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે 2014-15ના વરસમાં તેલિબિયાંનું ઉત્પાદન 27.5 મિલિયન ટન હતું તે 2020-21ના વરસમાં 36.57 મિલિયન ટન થયું છે. ભારતમાં તેલિબિયાંને ખેતી હેઠળનો વિસ્તાર પણ 25.6 મિલિયન હેક્ટરથી વધીને 28.8 મિલિયન હેક્ટરથયો છે. છેલ્લા બે ત્રણ વરસથી કેન્દ્ર સરકારે સોયાબિન, મગફળી અને તલની સારી ઉપજ આપતા બિયારણની કીટ ખેડૂતોને આપવાનું ચાલુ કરી દીધું છે. ખરીફ મોસમમાં વાવણી કરવા માટે આ કીટ આપવામાં આવી રહી છે. સોયાબિન અને રાયડાના સરકારે જાહેર કરેલા લઘુતમ ટેકાના ભાવ કરતાં ખુલ્લા બજારમાં વધુ ભાવ મળતા થયા હોવાથી પણ ખેડૂતો તેલિબિયાંની ખેતી તરફ વળવા માંડ્યા છે.

પામતેલ ઉપરાંત સોયાબિન, સિંગતેલ, રાઈનું તેલ, સરસિયું સહિતના ખાદ્યતેલોનું ઉત્પાદન વધે તે માટે પણ સરકાર સક્રિય છે.

# ડૉલર કોટેચાની ખેતી બેન્કના ચેરમેન તરીકે બિનહરીફ નિમણૂંક

ડૉલર કોટેચાની ખેતી બેન્ક તરીકે જાણીતી ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કના ચેરમેન તરીકે પુનઃ નિમણૂક થઈ છે. ચેરમેન તરીકે અઢી વર્ષની બીજી મુદત માટે ડૉલર કોટેચા ચૂંટાયા છે. તેમ જ વાઈસ ચેરમેન તરીકે જીવણ આહિર ચૂંટાયા છે. આ અગાઉ વાઈસ ચેરમેનના હોદ્દા પર ફલજી પટેલ ચૂંટાયેલા હતા. ડૉલર કોટેચા હાલમાં નેફકાર્ડના ચેરમેનનો હોદ્દો પણ શોભાવી રહ્યા છે. ખેતી બેન્કની અમદાવાદ સ્થિત વડી કચેરીએ ફેબ્રુઆરીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. આમ



## ભાજપની નેતાગીરી પાસેથી મેળવેલો મેન્ડેડ બોર્ડ સમક્ષ વાંચ્યા પછી ચૂંટણી યોજવામાં આવીઃ જીવાભાઈ આહિર વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા

તો ખેતી બેન્કના ચૂંટણી 2021માં પાંચ વર્ષ માટે યોજાઈ હતી. પરંતુ ગુજરાત રાજ્યના સહકારી કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ સંસ્થાના ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે અઢી વર્ષ પછી નવેસરથી ચૂંટાવું ફરજિયાત છે. આ નિયમ હેઠળ ડૉલર કોટેચા પુનઃ ચૂંટાયા છે.

ડૉલર કોટેચાએ પુનઃ ચૂંટાયા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, " મારી પુનઃ ચૂંટણી માટે કેન્દ્રના ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે મારા નામને સમર્થન આપ્યું તે માટે હું તેમનો હું આભાર માનું છું. આ બંને નેતાઓએ મારામાં મૂકેલા વિશ્વાસને સાર્થક કરવા માટે હું ખેતી બેન્કને નવી ઊંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરીશ. તેમ જ લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સહકારથી સમૃદ્ધિના વિઝનને પરિપૂર્ણ કરવા માટે અમે સહુ સાથે મળીને કામ કરીશું"

ખેતી બેન્કના ચેરમેનની પુનઃચૂંટણી માટે ડૉલર કોટેચાના નામની દરખાસ્ત જસા બારડે મૂકી હતી. તેમની દરખાસ્તને બ્રિજરાજસિંહ જાડેજાએ ટેકો આપ્યો હતો. બીજીતરફ જીવાભાઈ આહિરના નામની દરખાસ્ત ગણપતસિંહ સોલંકીએ મૂકી હતી અને તેમના નામને ગોવાભાઈ દેસાઈએ સમર્થન આપ્યું હતું. ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટિલ સહિતના ગુજરાત ભાજપના નેતાઓએ ડૉલર કોટેચા અને જીવાભાઈ આહિરના નામને સમર્થન આપ્યું હતું. ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપીન પટેલ (ગોતા) એ ચેરમેન અને વાઈસ ચેરમેનના નામ માટે પક્ષનો મેન્ડેટ મેળવી લીધો હતો. તેમ જ ચૂંટણી પૂર્વે ખેતી બેન્કના બોર્ડના સભ્યોની સમક્ષ તે મેન્ડેટ વાંચી સંભળાવ્યો હતો. પક્ષની નેતાગીરીના આ મેન્ડેટને બોર્ડના તમામ સભ્યોએ સ્વીકાર્યો હતો અને ડૉલર કોટેચાને ફરીથી ચેરમેનના હોદ્દા પર ચૂંટી કાઢ્યા હતા. તેમ જ જીવાભાઈ આહિરને વાઈસ ચેરમેનના હોદ્દા પર ચૂંટી કાઢ્યા હતા.

ડેપ્યુટી કલેક્ટર ઉમંગ પટેલની રિટર્નિંગ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેમને ડૉલર કોટેચાના નામની જાહેરાત કરી હતી. ડૉલર કોટેચા અત્યારે ગુજરાત અર્બન કોઓપરેટીવ બેન્ક ફેડરેશન અને ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ યુનિયનના બોર્ડમાં પણ છે. તદુપરાંત અન્ય ઘણી સહકારી સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. જૂનાગઢ કોમર્શિયલ કોઓપરેટીવ બેન્કના સ્થાપક સભ્યમાંના એક ડૉલર કોટેચા પણ છે.

ડૉલર કોટેચા ચૂંટાઈ આવ્યાની જાહેરાત કરવામાં આવી તે સાથે જ તેમના સમર્થકોએ ચિચિયારી પાડીને તેમને ફૂલહાર કરીને વધાવી લીધા હતા. સાથીઓના સહકાર અને લાગણી જોઈને ડૉલર કોટેચા ભાવુક બની ગયા હતા. આ સાથે જ વિજયવંત બનેલા ડૉલર કોટેચાના સોશિયલ મિડિયા પર અભિનંદન આપતા સંદેશાઓનો ભરચક પ્રવાહ ચાલુ થી ગયો હતો. ડૉલર કોટેચા અમિત શાહની નિકટ હોવાનું માનવામાં આવે છે. અમિત શાહ સાથેની તેમની નિકટતાને કારણે જ ગ્રામીણ વિસ્તારમાં ધિરાણનું વિતરણ કરવાનો પ્રશ્ન ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો.

અઢી વર્ષની પહેલી મુદત દરમિયાન ગુજરાતની ખેતી બેન્કે ઘણાં પરિવર્તનકારી અને વિકાસ લક્ષી કામો થયા છે. તેમના કાર્યકાળમાં ખેતી બેન્કનો બિઝનેસ વધવાની સાથોસાથ જ સમયની જરૂરિયાત પ્રમાણે બેન્કમાં ફેરફારો પણ કરવામાં આવી રહ્યા છે. 31મી માર્ચ 2023ના પૂરા થયેલા વર્ષમાં ખેતી બેન્કે કુલ રૂ.106 કરોડનો નફો કર્યો હતો. ત્યારબાદ હિસામાં કરેલી જોગવાઈ મુજબ નાણાંની જોગવાઈ કરી લીધી હતી. આ જોગવાઈ કર્યા પછી ખેતી બેન્કનો ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ 2022-23માં રૂ. 51.19 કરોડનો રહ્યો હતો. ખેતી બેન્કની નેટ એનપીએ શૂન્ય થઈ ગઈ છે. ખેતી બેન્ક ગુજરાતના 17 જિલ્લાઓમાં કચેરી ધરાવે છે. ખેતી બેન્કની તાલુકા સ્તરે કુલ 176 શાખાઓ છે. તેમાં 16 જિલ્લા ઓફિસ અને 132 શાખાઓનો સમાવેશ થાય છે.

# પશુપાલનમાં નવું રોકાણ આકર્ષવા પુરુષોત્તમ રૂપાલાએ નવી માર્ગદર્શિકા બહાર પાડી

ચોવીસમી માર્ચે જ ડેરી પ્રોસેસિગમાં નવું મૂડી રોકાણ આવે તે માટે કેન્દ્રના પશુપાલન મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આ માર્ગદર્શિકા માંસના પ્રોસેસિંગ, પશુચારાના છોડ, પશુઓ માટેની રસી અને પશુઓ માટેની દવાઓના ઉત્પાદનની સુવિધામાં નવું મૂડી રોકાણ આવે તેવા આશયથી પણ તૈયાર કરવામાં આવી છે.નવું મૂડીરોકાણ આવતા ખેડૂતો ઉપજ વધારવા માટે વધુ રોકાણ કરશે. તેનાથી કૃષિ ઉત્પાદકતામાં વધારો થશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.




પુરુષોત્તમ રૂપાલાનું કહેવું છે કે, ભારતની જનતાને ગુણવત્તાવાળું દૂધ ઉપલબ્ધ કરાવવા માટે, ભરપૂર પ્રોટીન ધરાવતું હોય તેવો આહારની વધતી જતી માગને પહોંચી વળવા માટે પણ આ ક્ષેત્રમાં નવું મૂડીરોકાણ આવે તેવી સરકારની ઈચ્છા છે. દેશમાં કુપોષણની સમસ્યા જ ન રહે અને કુપોષિત બાળકોની સંખ્યા ઘટી જાય તે માટેના પ્રયાસોના ભાગરૂપે નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. એનિમલ હસબન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડના માધ્યમથી આ કામગીરી કરાવવાનું ધ્યેય છે. તેમાં રોકાણ કરનારાઓ જે લોન લેશે તેનું જે વ્યાજ ચૂકવશે તેમાંથી ત્રણ ટકા વ્યાજની રાહત પણ આ યોજના હેઠળ આપવામાં આવશે. જોકે જમીન ખરીદવા, કાર્યકારી મૂડી ઊભી કરવા કે જૂના મશીનો ખરીદવા કે પછી અંગત વપરાશ કરવા માટે લેવામાં આવનારા વાહનની લોનના વ્યાજમાં કોઈ જ વ્યાજ રાહત આપવામાં આવશે નહિ.

એનિમલ હસ્બન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ ટકી શકે તેવા પ્રોજેક્ટ માટે ક્રેડિટ ગેરન્ટી આપવામાં આવશે. આ પ્રોજેક્ટ એમએસએમઈની વ્યાખ્યા હેઠળ આવતા હોય તે પણ એટલું જ જરૂરી છે. તેમાં નાણાં ઉછીના લેનારને ઉપલબ્ધ થનારી ક્રેડિટની સુવિધાની 25 ટકા રકમની ગેરન્ટી આપવામાં આવશે. પશુઓની નસલમાં સુધારો કરવા માટે, પશુઓના કચરામાંથી કંચન બનાવવાની પ્રવૃત્તિ માટે પણ આ યોજના હેઠળ લાભ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.



# યુરિયાની 45 કિલોની થેલી જેટલી તાકાત નેનો યુરિયાની 500 મિલીલિટરની બોટલમાં

નેનો ફર્ટિલાઈઝર એ ખેડૂતોને મળેલી અજોડ અને અમૂલ્ય ભેટ હોવાનું કેન્દ્રના રસાયણ અને રાસાયણિક ખાતર ખાતાના પ્રધાન મનસુખ માંડવિયાનું કહેવું છે. તેમનું કહેવું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો કરવા માટે અનેક પ્રગતિશીલ પગલાં લીધા છે. પરિણામે ખેડૂતોએ પણ નેનો ફર્ટિલાઈઝરને સ્વીકારવા માંડવું જોઈએ. પરિવર્તન એ પૃથ્વીને નિયમ છે. બદલાતા સમય સાથે ન બદલાતી વ્યક્તિ પાછળ રહી જાય છે. તેથી ખેડૂતોએ બદલાતા સમય સાથે ખભેખભા મિલાવીને આગળ વધવું જોઈએ. ખેડૂતોએ પોતાના ખેતર સુધુ યુરિયા પહોંચાડવા માટે ઘણો સમય અને નાણાં ખર્ચવા પડતા હતા. પરંતુ હવે નેનો યુરિયાની 500 મિલીલિટરની બોટલથી ખેડૂતોની આ સમસ્યાનો ઉકેલ આવી રહ્યો છે. માત્ર રૂ. 225ના ભાવે નેનો યુરિયાની 500 મિલિલીટરની બોટલ મળી શકે છે. આ બોટલ 45 કિલો યુરિયાની થેલી જેટલી ક્ષમતા અને સામર્થ્ય ધરાવે છે. તેથી જ દેશના 12000થી વધુ કિસાન સમૃદ્દિ કેન્દ્રો પર નેનો યુરિયા ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યું છે. નેનો યુરિયાનો ઉપયોગ કરવાને પરિણામે ખેત ઉપજમાં આઠ ટકાનો વધઆરો આવી શકે છે.તેને કારણે પરંપરાગત યુરિયાનો વપરાશ 50 ટકા ઓછો થઈ જાય છે. ભારત સરકાર ઈચ્છે જ છે કે રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો થઈ જાય. નેનો ટેક્નોલોજીનો આશરો લઈને રાસાયણિક ખાતરનો વપરાશ ઘટાડી શકાય છે એમ મનસુખ માંડવિયાનું માનવું છે.

## ગુજરાતે એમેન્ડમેન્ટ બિલ વિધાનસભામાં પસાર કર્યું

# કોઓપરેટીવ સોસાયટીઝ એક્ટમાં પાંચ મોટા સુધારા કરવામાં આવ્યા

સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગુજરાત વિધાનસભામાં ગત અઠવાડિયે ગુજરાત કોઓપરેટીવ સોસાયટીઝ એક્ટમાં સુધારાઓ દાખલ કરાવીને વિધાનસભામાં મંજૂર કરાવ્યા છે. તેમાં સૌથી મહત્વનો સુધારો ફડચામાં બેન્ક જાય તો તેવા સંજોગોમાં બેન્કના લેણિયાતોમાંથી કોને પહેલા નાણાં ચીકવવા તે અંગે નિર્ણય લેવાની સત્તા ગુજરાત સરકારને આપી દેવામાં આવી છે. આમ ફડચામાં ગયેલી બેન્ક કે સહકારી સંસ્થાના લેણિયાતોના બાકી નાણાં ચૂકવવાના હોય તો તેવા સંજોગોમાં કોને પહેલા ચૂકવવા તે અંગેનો નિર્ણય સરકાર હસ્તક રહેશે. ગુજરાત સરકાર જ પરિસ્થિતિને સમજીને પહેલા કોને ચૂકવવા અને છેલ્લા કોને ચૂકવવા તે નક્કી કરી આપશે. અત્યાર સુધીની એટલે કે વર્તમાન વ્યવસ્થા હેઠળ સરકારે કાયદામાં કરેલી જોગવાઈ મુજબ સૌથી પહેલા ડીઆઈસીજીસીને રિકવરીના નાણાં ચૂકવવાના આવે છે. કેન્દ્ર સરકારના કાયદા હેઠળ આ વ્યવસ્થા કરવામાં આવેલી છે. ડિપોઝિટ ઇન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન-ડીઆઈસીજીસી આમ તો દર વરસે થાપણદારોના ડિપોઝિટના વીમા પેટે સો રૂપિયે 10થી 15 પૈસાનું પ્રીમિયમ લે છે. તેની સામે બેન્ક ફડચામાં જાય ત્યારે પહેલા રૂ. 1 લાખ સુધીની થાપણ ધરાવનારાઓને તેમને નાણાં ચૂકવી દેતું હતું. બે વર્ષ પૂર્વે કરવામાં આવેલા સુધારા હેઠળ હવે ફડચામાં ગયેલી સહકારી બેન્કના થાપણદારોને રૂ. 5 લાખ સુધીની થાપણના નાણાં પરત કરી દેવામાં આવે છે. આ રીતે એક સામટા રૂ. 400થી 500 કરોડ ચૂકવવાના આવે છે. ડીઆઈસીજીસી દેશની દરેક સહકારી, ખાનગી અને જાહેર ક્ષેત્રની બેન્ક પાસેથી ઉપરોક્ત દરે દર વર્ષે પ્રીમિયમ વસૂલતું હોવાથી તેની પાસે પ્રીમિયમની આવકના અબજો રૂપિયા જમા પડ્યા છે. આ જમા રકમમાંથી જ ફડચામાં ગયેલી બેન્કોના થાપણદારોને નાણાં ચૂકવવામાં આવે છે.

